**ક્રમાંક-૧૧**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**બુધવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪ અને ૫ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૬ થી ૨૩૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત**

(૧) **બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બારમા અહેવાલની રજૂઆત**

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પટેલે સમિતિનો બારમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

(૨) **અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત**

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ શ્રી નરેશભાઇ પટેલે સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કર્યો.

(૩) **પંચાયતી રાજ સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત**

પંચાયતી રાજ સમિતિના પ્રમુખ શ્રી ગોવિંદભાઇ પટેલે સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કર્યો.

(૪) **સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના છઠ્ઠા અને સાતમા અહેવાલની રજૂઆત**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખ શ્રી અર્જુનસિંહ ચૌહાણે સમિતિનો છઠ્ઠો અને સાતમો અહેવાલ રજૂ કર્યો.

**૩. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પટેલનો પ્રસ્તાવ**

બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેનીસમિતિના બારમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૪. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી અર્જુનસિંહ ચૌહાણનો પ્રસ્તાવ**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખ શ્રી અર્જુનસિંહ ચૌહાણે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની
સમિતિના છઠ્ઠા અને સાતમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૮ અને કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૯ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે રજૂ કરી. ત્યારબાદ સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક- ૯૨ તથા અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૫ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી ઈશ્વરભાઇ પરમારે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક- ૭૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૨, ૪, ૫, ૬, ૭ અને ૮, માગણી ક્રમાંક-૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૯, ૧૦, ૧૧, ૧૨,

૧૩, ૧૪, ૧૫, ૧૬, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬ અને ૨૭ માગણી ક્રમાંક– ૯૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૧, ૫૨, ૫૩ અને ૫૪ તથા માગણી ક્રમાંક–૯૫ પરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૫, ૫૬, ૫૮ અને ૫૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી પૂર્ણેશ મોદી
(૩) ડો.સી.જે.ચાવડા
(૪) શ્રી અરવિંદ રાણા
(૫) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૬) શ્રી આત્મારામભાઇ પરમાર
(૭) શ્રી ઋત્વિકભાઇ મકવાણા
(૮) શ્રી કિર્તીસિંહ વાઘેલા
(૯) શ્રી નૌશાદ સોલંકી

**(વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૦) શ્રી શંભુજી ઠાકોર
(૧૧) શ્રી અમરીષભાઇ ડેર
(૧૨) શ્રી પ્રદિપભાઇ પરમાર
(૧૩) શ્રી પ્રતાપ દૂધાત
(૧૪) શ્રી મોહનલાલ વાળા
(૧૫) શ્રી કેતનભાઇ ઇનામદાર
(૧૬) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૭) શ્રી હિતુ કનોડીયા
(૧૮) શ્રી ઇમરાન ખેડાવાલા
(૧૯) શ્રી જીગ્નેશકુમાર મેવાણી

ત્યારબાદ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની ચર્ચાનો માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે જવાબ આપ્યો.

ત્યારબાદ મહેસૂલ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક– ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૮ અને ૫૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૭૮, ૭૯, ૯૨ અને ૯૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૬. નિયમ ૯૨ અન્વયે અરધા કલાકની ચર્ચા**

સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે તા.૦૩–૦૩–૨૦૨૧ના રોજ (પહેલી બેઠક) સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૩૧૩૦૬ (અગ્રતા–૯૪)ના માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) એ આપેલા લેખિત જવાબ ઉપરથી ઉપસ્થિત કરેલી જાહેર અગત્યની બાબત ઉપર અરધા કલાકની ચર્ચાનો મુદ્દો ઉપસ્થિત કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

સભ્યશ્રીએ ઉપસ્થિત કરેલ મુદ્દાઓના જવાબો શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યા.

**૭. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ આજની બેઠકનું કામકાજ પૂર્ણ થયા બાદ કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા વિધાનસભાના મકાનમાં ચોથા માળે આવેલ શાસકપક્ષના બેઠક ખંડમાં મળવા બાબતની જાહેરાત કરી.

**સભાગૃહ, ગુરુવાર તા.૧૮ માર્ચ, ૨૦૨૧ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૦૮ વાગ્યે મુલતવી રહ્યું.**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૭મી માર્ચ, ૨૦૨૧**